આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહિચ્છા

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 21-05-2024 સમય : સવારે 6.50 વાગ્યે

---------------------------------------------------

## ચૂંટણી પરિણામ

રાજ્યની લોકસભાની 25 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીનું પરિણામ ચોથી જૂને જાહેર થશે. ચૂંટણી પંચે મતગણતરી કેન્દ્રો પરની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ અને ગુજરાત કોલેજમાં મતગણતરી થશે. મતગણતરી કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત માટેના ડોમ અને કન્ટ્રોલરૂમની તૈયારી શરૂ કરાઇ છે. મીડીયા રૂમ, કન્ટ્રોલ રૂમ, ઉમેદવારોના રૂમમાં LED અને CCTV સહિતની વ્યવસ્થાની તૈયારીઓ કરાઇ રહી છે. બીજી તરફ મતગણતરી કેન્દ્રમાં બેરીકટ લગાવી રસ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

RNU અમદાવાદ

-------------------------------------------------------------------------

## રિપબ્લિક ઓફ ઇરાન

ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના પ્રમુખ ડૉ. સૈયદ ઈબ્રાહીમ રઈસી અને ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના વિદેશ મંત્રી મહામહિમ હોસેન અમીર-અબ્દોલ્લાહિયનનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં નિધન થયું છે. ભારત સરકારે આજે સમગ્ર દેશમાં એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે.

શોકના દિવસે, જ્યાં રાષ્ટ્રીય ધ્વજ નિયમિતપણે લહેરાવવામાં આવે છે તે તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાવવામાં આવશે અને તે દિવસે કોઈ સત્તાવાર મનોરંજન થશે નહીં.

**પરેશ મારૂ**

---

**રાજ્ય : હવામાન**

રાજ્યના અનેક જિલ્લાઓમાં ગરમીનો પારો 45 ડિગ્રી સેલ્સિયસને આંબી ગયો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી આવી જ ગરમી યથાવત્ રહેવાની આગાહી કરી છે. સાથે જ 2 દિવસ સુધી કામ ન હોય તેવી સ્થિતિમાં ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાન અમરેલી, ભાવનગર, અમદાવાદ અને ડીસામાં 45 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે રાજકોટ, ગાંધીનગર, વડોદરા, કંડલા અને વલ્લભ વિદ્યાનગરમાં 44 ડિગ્રી સેલ્સિયસ, ભુજ, મહુવા અને કેશોદમાં 43, સુરતમાં 42, વલસાડમાં 41, પોરબંદરમાં 39, નલિયામાં 38, ઓખા અને દિવમાં 36, વેરાવળમાં 33 અને દેવભૂમિ દ્વારકામાં 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

**RNU અમદાવાદ**

---

**કચ્છ યુનિવર્સિટી બીએ સેમ-6**

યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી.એ. સેમ-6ની કમ્પલસરી અંગ્રેજીની પરીક્ષાના પેપરમાં જે વિદ્યાર્થીને અસંતોષ હોય તેઓ પુન: મુલ્યાંકન માટે નિ:શુલ્ક ફોર્મ ભરી શકશે. આ માટે 21થી 23 મે સુધી ઓનલાઇન ગુગલ ફોર્મ ભરી શકાશે. આ ફોર્મ ભરવાની લીંક યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવાઇ છે.

**N.P. કૃપાલી મહિચ્છા**

---

**<u>ક્રિકેટ</u>**

ઇન્ડિયન પ્રીમિયર લીગ મેચની લીગ મેચ પૂરી થયા પછી  આજથી  ક્વોલીફાયર અને એલી મીનેટર મુકાબલાનો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આરંભ થશે. પ્રથમ મેચ કોલકતા નાઈટ રાઇડર્સ અને સનરઈઝર હૈદરાબાદની ટીમો વચ્ચે રમાશે. જેમાં વિજેતા થનાર ટીમ સીધી અંતિમ જંગમાં પહોંચશે, જ્યારે બુધવાર 22મી એ એલી મિનેટર મેચ રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર બેંગલુરુ વચ્ચે આજ મેદાન પર રમાશે. જેમાં વિજેતા ટીમનો મુકાબલો પહલી કવૉલી ફાયરમાં પરાજિત ટીમ સામે રમશે. બીજી કવોલીફાયર મેચ 24 મીએ ચેનઇ ખાતે રમાશે.

**ચંદ્રવદન પટ્ટણી**

---

**<u>જાહેરનામું</u>**

જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા માનવ વસાહત રહિત 21 ટાપુ અને ખડક પર પ્રવેશ અંગે પ્રતિબંધનું જાહેરનામું બહાર પડાયું છે. જે મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટે જિલ્લાના 21 ટાપુ પર પ્રવેશ કરવા પર 18 જુલાઇ સુધી પ્રતીબંધ લગાવ્યો છે.

આ જાહેરનામા અન્વયે કેન્દ્ર કે રાજ્ય સરકારની સુરક્ષા એજન્સીઓ તેમજ સરકારી કામે રોકાયેલ કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ-અધિકારીને મુક્તિ આપવામાં આવશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે પગલાં લેવામાં આવશે.

**માહિતી ખાતુ**

---

**નલિયા કૉલેજ**

અબડાસા તાલુકાના નલિયા ખાતે ચાલુ શૈક્ષણિક સત્રથી સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરવા માટે સૂચના અપાઈ છે.

હાલમાં ગુજરાત સરકારના GCAS પોર્ટલ પર પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે. નલિયાની સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજમાં ગુજરાતી, સોશિયોલોજી, અંગ્રેજી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર સહિતના વિષય સાથે બીએ થઈ શકાશે. બીકોમની વિગતો અપડેટ કરવાની કામગીરી ચાલુમાં છે. ત્યારે, પ્રવેશ માટે વિદ્યાર્થીઓને GCAS પોર્ટલ પર અપડેટ ચેક કરવા જણાવાયું છે. ટૂંક સમયમાં સ્થળ પસંદગી સાથે કચ્છ યુનિવર્સિટીના નિયમ પ્રમાણે બેઠકો મંજૂર થશે. ઉલ્લેખનીય છે કે, નલિયા ઉપરાંત રાજ્યમાં કુલ 8 સરકારી કોલેજ ચાલુ શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવી છે. જેથી મહત્તમ વિદ્યાર્થીઓને સરકારી કોલેજનો લાભ મળે તે દિશામાં પ્રયાસ કરાશે.

**કૃપાલી મહિચ્છા**

---